
Page-6

સુવિચાર : જીવનમાં ઇશ્વર પર ભરોસો હશે તો ખરાબ સમય ક્યારે ચાલ્યો જશે ખ્યાલ પણ આવશે નહીં - મોરારિ બાપુ


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૪ | ૧૪ એપ્રિલ, ૨૦૧૫, મંગળવાર ; ચૈત્ર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મુકિતધામમાં બંદૂકની અણીએ લૂંટ

## મોડી રાત્રે ધાડપાડુ ટોળકી ત્રાટકી : ચોકીદારોને ખાટલા સાથે બાંધી સાત મીનીટમાં લૂંટને અંજામ આપ્યો
## બુકાનીધારી આઠ શખ્સો ૩ મોબાઈલ ઉપરાંત ૨૩ હજારની રોકડ લૂંટી ફરાર : શહેરમાં ભયનો માહોલ




ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે ત્યારે હવે અંતિમધામ પણ લુંટ જેવા બનાવોમાં સલામત નથી તેવી ઘટના ગાંધીનગરમાં પ્રકાશમાં આવી છે. શહેરના સે-૩૦માં સ્થિત અંતિમધામ માં મોડી રાત્રે આઠ જેટલા બુકાનીધારી ધાડપાડુ ટોળકીએ ધાડ પાડી હતી. ટોળકીએ રીવોલ્વર ની અણીએ મુકિતધામના બે કર્મીઓને બાનમાં લઈ 'હિલના મત' કહી ક્ષણવારમાં જ દિલધડક લૂંટને અંજામ આપી નદીના કોતરોમાં પલાયન થઈ ગયા. આ ઘટનાને પગલે શહેરભરમાં ભયનો માહોલ ફેલાયો છે.

ગાંધીનગર શહેરમાં દિન પ્રતિદિન ચોરી, લૂંટ, ચેઈન સ્નેચીંગ, ઘરફોડ ચોરી, વાહન ચોરી અને મારામારી, અપહરણ સહિતના ગંભીર પ્રકારના ગુન્હાઓ વધી રહ્યા છે. તેમ છતાં પોલીસ સબ સલામત હોવાના અને નાઈટ પેટ્રોલીંગના દાવા ઠોકી રહી છે ત્યારે ગત રોજ ગાંધીનગર શહેરના મુકિતધામમાં અડધી રાત્રે બનેલી રીવોલ્વરની અણીએ લુંટની ઘટનાએ પોલીસના દાવા પોકળ સાબિત કરી સણસણતો તમાચો માર્યો છે હાલ આ ચર્ચા ચર્ચાનું કેન્દ્ર બની છે.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેરના સે-૩૦માં નદીના કિનારે મુકિતધામ આવેલું છે. જયાં કામ કરતા કર્મચારીઓ વિજયભાઈ ધર્માભાઈ પટેલ, મંગાભાઈ બાલાભાઈ ચૌધરી અને ચોકીદાર દિનેશ ગત રાત્રે પોતાના નિત્યક્રમ મુજબ મુકિતધામમાં હાજર હતા. દરમિયાન અડધી રાત્રે ૩ વાગ્યાના સુમારે આઠ જેટલા બુકાનીધારી ધાડપાડુ ટોળકીએ આખા શહેરમાં બધું છોડી રીવોલ્વર, પાઈપ તેમજ ધોકા વડે મુકિતધામને નિશાન બનાવ્યું હતું. ટોળકીના બે શખ્સોએ રીવોલ્વરની અણીએ ચોકીદારને બાનમાં લઈ મુકિતધામની ઓફિસમાં ઘુસ્યા હતા જયાં હાજર અન્ય બે કર્મીને રીવોલ્વર બતાવી 'હિલના મત વરના' કહી પાસે પાથરેલા ખાટલા પર સુવાડી બાંધી દીધા હતા અને પછી ધાબળા ઓઢાડી દીધા હતા બાદમાં આ ટોળીએ આ બંનેને પાઈપો અને ધોકા વડે ઢોર માર મારી ઈજાઓ પહોંચાડી દાનપેટી તેમજ તિજોરીમાં રહેલા રોકડા મળી રૂ. ૨૨૬૪૭ની લુંટ ચલાવી. માત્ર સાત જ મિનિટમાં આ સમગ્ર દિલધડક લુંટને અંજામ આપ્યો હતો અને મુકિતધામના કર્મીઓ પોલીસને ફોન ન કરે તે માટે તેમની પાસે રહેલા ૩ મોબાઈલ લઈ લેન્ડ લાઈન ફોનનો વાયર કાપી બહારથી સ્ટોપર મારી નદીના કોતરમાં પલાયન થઈ ગયા હતા. કલાકોની જહેમત બાદ મુકિત ધામના કર્મીઓએ જેમ તેમ કરી પોતાની જાતને છોડાવી બહારથી બંધ દરવાજો તોડી બહાર આવ્યા હતા અને નજીકમાં જ પેટ્રોલિંગ કરતી પોલીસની પી.સી.આર. વાનનો સંપર્ક કર્યો હતો. જો કે પી.સી.આર. માં પેટ્રોલિંગ કરતા પોલીસ કર્મીએ આ ચોરીનો મામલો છે જે અમારામાં નથી આવતો તેમ કહી ત્યાંથી જીપ લઈ રવાના થઈ ગયા હતા બાદ મુકિતધામના કર્મી વિજય એ સે-૨૧ પોલીસને જાણ કરતા પી.આઈ. સહિતની ટીમ બનાવ સ્થળે દોડી આવી હતી.અને ડોગ સ્કવોર્ડની મદદ લઈ તપાસ હાથ ધરી હતી. ડોગ સ્કવોર્ડના શ્વાન પણ નદીના કોતર સુધી જ જઈ પછી રોકાઈ ગયા હતા. આમ આ લુંટની ઘટના અંગે સે-૨૧ પોલીસે વિજયભાઈ પટેલની ફરિયાદના આધારે ગુનો નોંધી ધાડપાડુ ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## આ અમારી હદમાં નથી આવતું કહેનાર પોલીસ કર્મીઓને પાણીચું

### પીસીઆર વાનમાં બેઠેલ હેડ કોન્સ્ટેબલ, લોકરક્ષક અને સે-૨૧ પી.એસ.ઓ.ને ફરિયાદ ન લેવા બદલ જિલ્લા પોલીસ વડાએ સસ્પેન્ડ કર્યા

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૩૦ માં આવેલ મુકિતધામ ખાતે ધાડપાડુ ટોળકી ત્રાટકી હતી. આજે વહેલી પરોઢીયે બનેલ બનાવમાં મુકિતધામના ચોકીદારને ખાટલે બાંધી માર મારી લૂંટ ચલાવી હતી. લુંટારુંઓની ચુંગાલમાંથી એક કર્મી ભાગવામાં સફળ થયો હતો. મુકિતધામનો કર્મચારી વિજયભાઈ મોતના મુખમાંથી બહાર નીકળ્યો હતો જયાં પેટ્રોલીંગ કરી રહેલ પીસીઆર વાનને જોતા આપ વિતી જણાવી હતી. પરંતુ પી.સી.આર. માં બેઠેલ કર્મચારીએ અમારી હદમાં નથી આવતું કહી કાર સ્ટાર્ટ કરી ચાલી નિકળ્યા હતા. ફરજમાં બેદરકારી બદલ પોલિસ કોન્સ્ટેબલ અને લોકરક્ષક તેમજ સે-૨૧ પી.એસ.ઓ.ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

શહેરમાં પોલિસ પેટ્રોલિંગ કરી રહી હોવાના બણગા ફુંકે છે ત્યારે આ ઘટનામાં પોલિસ હાજર હોવા છતાં ફરજમાંથી હાથ ખંખેરી નાંખ્યા હતા.

વહેલી સવારે ત્રાટકેલા ચોરોના ઝુંડમાંથી મુકિતધામનો કર્મચારી વિજયભાઈ પટેલ દરવાજા તોડી બહાર નિકળ્યો હતો જયાં સામે પી.સી.આર. વાન જોતા ઘટનાની આપવિતી વાનમાં બેઠેલા હે.કો. પ્રવિણસિંહ શંકરસિંહ અને લોકરક્ષક વિનોદસિંહ ગોપાલસિંહને જણાવી હતી. પરંતુ પોલિસ ફકત ટ્રકો પાસેતી હપ્તા ઉઘરાવવા માટે ઉભી હોય તેમ આ અમારી હદમાં આવતું નથી કહી ગાડી સ્ટાર્ટ કરી ફરજમાંથી હાથ ખંખેરી નાંખ્યા હતા.

ત્યારબાદ વિજયભાઈ સે-૨૧ પોલિસ સ્ટેશન પહોંચ્યા હતા જયાં પી.એસ.ઓ. પ્રવિણભાઈ રજુભાઈએ ફરિયાદ લેવાની ના પાડી હતી. આ ઘટનાની ફરિયાદ એસ.સી.એસ.ટી. સેલના ડીવાયએસપી એ.બી. વડાલિયાએ કરતા આજે જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવે આ ત્રણેય પોલિસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા છે.


(તસવીર : દિપક જાની)

આંબેડકર જયંતિ - ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ ભવ્યાતિભવ્ય રીતે ગાંધીનગર સહિત દેશભરમાં ઉજવાશે... સચિવાલય વિધાનસભા સંકુલ પ્રવેશદ્વાર સામે બાબા સાહેબની પ્રતિમાને મુખ્યમંત્રી સહિત રાજ્યના આગેવાનો પુષ્પાંજલિ અર્પણ કરશે. ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં રાત્રે સ્મરણાંજલિનો લોકડાયરો યોજાશે.

# સચિવાલય સંકુલમાં હવે ગેટ-૧ અને ૪ થી જ પ્રવેશ

## ગેટ-૬ અને ૭ ને આધુનિક બનાવવા માટેનો વર્ક ઓર્ડર અપાતાં પ્રવેશ અને નિકળવાના માર્ગ બંધ કરાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સૌથી મોટા વહીવટીય સંકુલ સરદાર પટેલ વહીવટી ભવન (સચિવાલય)માં હવે માત્ર ગેટ નં. ૧ અને ૪ પરથી જ પ્રવેશ મળી શકશે.

ગેટ નં. ૬ અને ૭ ને નવા બનાવવા માટે તેમજ સંકુલના ગાર્ડનીંગને આધુનિક કરવાનો વર્ક ઓર્ડર અપાઈ જતાં આ બન્ને ગેટ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.

રૂ. ૪ કરોડથી પણ વધુના ખર્ચે આ બન્ને નવા ગેટ બનશે જે આધુનિક હશે. ગેટ નં. ૧ અને ગેટ નં. ૪ પરથી જ હવે સૌને પ્રવેશ આપવામાં આવશે. આ બે જ ગેટ પ્રવેશ માટે ચાલુ હોવાથી મુલાકાતીઓનો ઘસારો પણ આ બન્ને ગેટ પર વધી જવા પામ્યો છે. તેમજ પ્રવેશ માટે પણ થોડીક હાલાકી પડી રહી હોવાની ફરિયાદ કર્મચારી આલમમાં ઉભી થઈ છે.

સચિવાલય સંકુલને કોર્પોરેટ લુક આપવા માટેની જોગવાઈ કરવામાં આવેલી છે. આ માટે અગાઉ રૂ. ૧૯ કરોડની જોગવાઈ કરાઈ હતી. જો કે આ સૌથી મોટા વહીવટીય સંકુલને વીસ વર્ષથી પણ વધુ સમય થઈ ગયો હોવાથી આ અંદાજો વધી જવા પામ્યા છે.

સંકુલમાં હજુ બે નવા પાર્કિંગ પણ ઉભા કરવાનું આયોજન છે. આ કામગીરી હવે પછી હાથ ધરવામાં આવનાર હોવાનું તંત્રના અંતરંગ વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

સચિવાલય સંકુલના આ બે નવા ગેટ પણ ગેટ નં. ૧ જેવા જ વિશાળ બનાવવામાં આવનાર છે. આ માટેની તમામ તકનીકી પ્રક્રિયા પૂર્ણ થઈ જતાં હવે આ કામગીરીનો વર્ક ઓર્ડર પણ અપાઈ ગયો છે.

# ૭૧ ડેપ્યુટી કલેક્ટરો બદલાયા

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યના મહેસુલ વિભાગ આજે મોડીસાંજે ગાંધીનગર પ્રાંત અધિકારીશ્રી સુધીર પટેલ સહિત ૭૧ ડેપ્યુટી કલેક્ટરોની બદલી કરી છે જ્યારે ૧૦ મામલતદારોને નાયબ કલેક્ટર તરીકે બઢતી આપતા હુકમો જારી કરાયા છે.

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર પ્રાંત અધિકારી તરીકે ફરજો બજાવતા શ્રી સુધીર પટેલની બદલી કરવામાં આવી છે અને તેમના સ્થાને રાકેશ વ્યાસની નિમણુંક કરવામાં આવી છે. શ્રી વ્યાસ અમદાવાદમાં ફરજો બજાવતા હતા.

ગાંધીનગર જિલ્લામાં કલોલ પ્રાંતની જગ્યા પણ ખાલી પડેલી છે જે જગ્યા પર નાયબ કલેક્ટર શ્રી સી. એમ. પાડલીયાની નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત કલેક્ટર કચેરીમાં ત્રણ જેટલા નાયબ કલેક્ટરોની જગ્યા ખાલી છે. આ જગ્યાઓ પણ આ ઓર્ડરમાં ભરાઈ હોવાનું જાણવા મળેલ છે.

# ગાંધીનગર આર.ટી.ઓ. તંત્ર દ્વારા ટેક્ષ પેટે રૂ. ૫.૬૪ કરોડ વસુલાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીએ મોટર વ્હીકલ ટેક્ષ અન્વયે રૂ. ૫.૬૪ કરોડની આવક કરી છે.વર્ષ ૨૦૧૫-૧૬ની એડવાન્સ વસુલાત અન્વયે આ ર. ટી. ઓ.ને આ આવક થઈ છે. તંત્ર દ્વારા એપ્રિલના પ્રારંભિક તબક્કે જ ટેક્ષ પેટે મોટી રકમ વસુલવામાં આવી છે.

નગરના ગ-માર્ગ પર સ્થિત હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. વાહનચાલકોના ડ્રાઈવીંગ ટેસ્ટીંગ માટે ટ્રેક તૈયાર કરવામાં આવ્યો છે. જેના આધારે ડ્રાઈવીંગ ટેસ્ટ લેવામાં આવે છે. આ ઉપરાંત લાયસન્સ ઈસ્યુ કરવા માટે પણ ઓન લાઈન એપોઈન્ટમેન્ટ આપવામાં આવે છે. પેપરલેસ આર ટી ઓ કચેરીના પારદર્શક વહીવટના લીધે અરજદારોનો પણ ઘણો સમય બચી જાય છે. ગત વર્ષની સાપેક્ષમાં આર ટી ઓ ની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. બીજીતરફ ચાલુ મહિનાના પ્રારંભે આર.ટી.ઓ. તંત્ર દ્વારા હાથ ધરાયેલી ટેક્ષ વસુલાતના અંતે પણ માતબર રકમ વસુલવામાં આવી છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર આર.ટી.ઓ. તંત્ર દ્વારા એપ્રિલ મહીનાની શરુઆતમાં મોટા વાહનોનો ટેક્ષ વસુલવા ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી. બોમ્બે મોટર વ્હિકલ અન્વયે વર્ષ ૨૦૧૪-૧૫ને અનુલક્ષી વાહનોનો એડવાન્સ ટેક્ષ વસુલવામાં આવ્યો હતો. પ્રથમ સપ્તાહના અંતે ટેક્ષ ઝૂંબેશને લઈ ત્રણ દિવસની મુદત્ત વધારવામાં આવી હતી. ટ્રક અને ટ્રેક્ટર સહિતના મોટા વાહનો અન્વયે રૂ. ૫.૬૪ કરોડનો ટેક્ષ વસુલવામાં આવ્યો હતો.

અભિનંદન



ડો. અનુજા બિરેન પુરોહિત

ગાંધીનગર જેસીઆઈ દ્વારા યોજાયેલ સુપર સીંગર સ્પર્ધામાં વિજયી થવા બદલ અમારા હાર્દિક અભિનંદન છે...

આપની કારકિર્દીમાં ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છાઓ પાઠવીએ છીએ...

ભાવિન પટેલ
અને
પનઘટ કલાકેન્દ્ર પરિવાર

આજે જ આર્ટ લવર્સના સભ્ય બનો
છેલ્લી તા. ૧૫-૪-૨૦૧૫




વાર્ષિક સભ્ય ફી વ્યક્તિદીઠ
રોયલ રૂા. ૩,૫૦૦ । A ગૃપ રૂા. ૨,૦૦૦ । B ગૃપ રૂા. ૧,૧૦૦

વર્ષ ૨૦૧૫-૧૬ના સભ્યપદ માટે સંપર્ક કરો

રાજધાની હાર્ડવેર, મેઘમલ્હાર, સેક્ટર-૧૧ ▪ ડો. ક્લીન, પ્રમુખ આર્કેડ, કુડાસણ
ઠક્કર મેડીકલ, ઈન્ફોસિટી, સીસીડીની બાજુમાં
લોયલ વિડીયો, સેક્ટર-૧૬ ▪ લાઈફ મેડીકલ, અપના બજાર, સેક્ટર-૬એ
મહાવીર પાર્લર, ઘ-૬, સેક્ટર-૨૨ ▪ ગણેશ મેડીકલ, અડાલજ
વૃંદાવન સ્વીટ, ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧
વૃંદાવન પાર્લર, નહેરુ ચોકડી, દહેગામ ▪ પૂજા શોપી, મહાલક્ષ્મી કોમ્પ્લેક્ષ, પેથાપુર
રાજ હેર આર્ટ, સાકાર સ્કૂલ પાસે, ન્યુ સીજી રોડ, અમદાવાદ
શ્રીરામ ટ્રેડર્સ, રાયચંદનગરની સામે, સાબરમતી

કાર્યાલય : શુભ ગૃપ, એસ-7, અપના બજાર, સેક્ટર-6/એ, ગાંધીનગર.
ફોન : 079-23241121

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

KENDRIYA VIDYALAYA NO. 1
SECTOR-30, GANDHINAGAR (GUJARAT)
Contact No. 079-23261211

AUCTION NOTICE

PRINCIPAL,KV SECTOR-30,GANDHINAGAR INVITES BIDDERS FOR ON THE SPOT AUCTION OF OLD AND USED SCHOOL FURNITURES, COMPUTERS, BOOKS,LAB & ELECTRICAL ARTICLES/MATERIALS, OLD MAPS, TEACHING AIDS, PLASTIC BUCKETS & MUGS, MUSICAL INSTRUMENTS & OTHER MISC. ARTICLES/MATERIALS ON 25.04.2015 AT 01.00 PM IN VIDYALAYA PREMISES.

Principal

website : www.kv1gandhinagar.org

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭